# ગઢામાં પીવાના દૂષિત પાણીથી રોગચાળાની દહેશત

## પીવાના ડહોળા પાણીની રજૂઆતો છતાં ગ્રામ પંચાયત કુંભકર્ણની નિંદ્રામાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ મોડાસા તાલુકાના ગઢા ગામે નળ વાટે આપવામાં આવતું પીવાનું પાણી છેલ્લા ઘણા સમયથી દૂષિત થયું હોવાના કારણે ગામમાં રોગચાળો ફેલાવવાની દહેશત ઉભી થઈ છે.

ગ્રામ પંચાયતના સત્તાધિશોને ડહોળા પાણી અંગે વારંવાર રજૂઆત કરવા છતાં કુંભકર્ણની નિંદ્રામાં સરી પડ્યા છે. પ્રજાએ પીવાના શુદ્ધ પાણી માટે અહીં તહીં ભટકવાનો વારો આવ્યો છે.



ચોમાસાની સીઝનમાં પાણીજન્ય રોગચાળાની દહેશત વચ્ચે ગામના અનેક વિસ્તારોમાં દૂષિત પાણીને લઈ સત્તાધિશો સામે જબ્બર આક્રોશ ફાટી નિકળ્યો છે.

રાજ્ય સરકાર પ્રજાને નલ સે જલ યોજના હેઠળ પીવાનું શુદ્ધ પાણી ઘર આંગણે મળી રહે તે માટે કરોડો રૂપિયાનું આંધણ કરે છે પરંતુ ગામડાઓમાં યોગ્ય આયોજનના અભાવે પ્રજા અશુદ્ધ પાણી પીવા માટે મજબૂર બની રહી છે. કેટલાક વિસ્તારોમાં તો પાણીમાં અશુદ્ધિઓના કારણે પ્રજા ધીમું ઝેર પીતી હોય તેવી સ્થિતિ છે. મોડાસા તાલુકામાં અંદાજીત ૩૫૦૦ની વસતી ધરાવતા ગઢા ગામે પંચાયતના સત્તાધિશો ગ્રામજનોને પીવાનું શુદ્ધ પાણી આપવામાં ધરાર નિષ્ફળ ગયા છે જેથી નળ દ્વારા આવતું પીવાનું પાણી છેલ્લા ઘણા સમયથી ડહોળું આવતું હોવાથી ગામમાં પાણીજન્ય રોગચાળો ફાટવાની દહેશત ઉભી થઈ છે. જાગૃત નાગરિકો દ્વારા આ અંગે પંચાયતના સત્તાધિશોનું ધ્યાન દોરવામાં આવ્યું છે છતાં પ્રજાના આરોગ્યની કોઈને પડી ન હોવાથી રહીશો પીવાનું શુદ્ધ પાણી મેળવવા માટે હેન્ડપંપ તેમજ ખેતરોમાં ભટકી રહ્યા છે. ગામમાં સ્વચ્છતા અભિયાનને ગળે ટૂંપો આપવામાં આવ્યો હોય તે રીતે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયા પછી નળ વાટે મળતું પાણી પણ દૂષિત થતાં જનઆરોગ્ય જોખમમાં મૂકાયું છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી ગ્રામજનો દૂષિત પાણી ગાળીને પીવા માટે મજબૂર બની ગયા છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા પીવાનું શુદ્ધ પાણી પુરૂ પાડવામાં નહીં આવે તો ગ્રામજનોનો આક્રોશ જાહેર માર્ગો ઉપર દેખાશે તે નક્કી છે.

### મહિલા સરપંચની ગેરહાજરીમાં પ્રજાનું આરોગ્ય જોખમમાં મૂકાયું

મોડાસા તાલુકાના ગઢા ગામે પીવાના દૂષિત પાણીના કારણે પાણી જન્ય રોગચાળો ફાટવાની સંપૂર્ણ દહેશત સ્થાનિકોએ વ્યક્ત કરી છે. ગ્રામ પંચાયતમાં દૂષિત પાણી અંગે થતી રજૂઆતો નજર અંદાજ કરવામાં આવતી હોવાના આક્ષેપ વચ્ચે ગ્રામ પંચાયતના મહિલા સરપંચ સજનબેન ચૌહાણ ચૂંટાયા પછી તેમનાં લગ્ન થઈ જતાં સાસરીમાં ચાલ્યાં ગયાં છે જેથી ગ્રામ પંચાયતનો વહીવટ મરજી મુજબ થઈ રહ્યો હોવાના કારણે દૂષિત પાણીથી પ્રજાનું આરોગ્ય જોખમાયાની વિગતો સામે આવી છે.

# બોરમઠમાં ૭૦૦ વર્ષનો ઈતિહાસ સાચવીને ખુલ્લામાં ઉભા છે હનુમાનજી

## પુરાતત્વ વિભાગ દ્વારા સંશોધન થાય તો ધરબાયેલો ઈતિહાસ બહાર આવે : સંવત-૧૩૪૮ના અવશેષો પુરાતત્વ વિભાગની જાણ બહાર..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ બાયડ તાલુકાના બોરમઠમાં વરાંસી નદીના કિનારે ૭૦૦ વર્ષનો ઈતિહાસ સાચવીને હનુમાનજીની મૂર્તિ ખુલ્લા આકાશ નીચે ઉભી છે. પુરાતત્વ વિભાગ દ્વારા આ સ્થળે સંશોધન થાય તો ધરતીના પેટાળમાં ધરબાયેલો ઈતિહાસ ઉજાગર થઈ શકે છે. સંવત-૧૩૪૮ના શિલાલેખ સાથેના ભગ્ન અવશેષો આ સ્થળે ઠેર ઠેર વિખરાયેલા જોવા મળે છે પરંતુ ઐતિહાસિક વારસો પુરાતત્વ વિભાગની જાણ બહાર રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. ખુલ્લામાં ઉભા હનુમાનજીની મૂર્તિ પંથકના શ્રદ્ધાળુઓમાં આસ્થાનું કેન્દ્ર બની છે પરંતુ આ વિસ્તારનો ભવ્ય ભૂતકાળ ઉજાગર થયો ન હોવાનો વસવસો સ્થાનિકો વ્યક્ત કરી રહ્યા છે.



જિલ્લાના ગામડાઓમાં અનેક પ્રાચીન મંદિરો સાથે ઈતિહાસ જોડાયેલો છે. પુરાતન વારસાની જાળવણી અને તેના વધુ સંશોધનમાં સરકારનો પુરાતત્વ વિભાગ ધરાર નિષ્ફળ રહ્યો છે જેથી અનેક વિસ્તારોમાં વર્ષો જૂનો ઈતિહાસ ધરતીના પેટાળમાં ધરબાયેલો રહ્યો છે. બાયડ તાલુકાના બોરમઠમાં રળીયામણા પ્રાકૃતિક સ્થળ એવા વરાંસી નદીના કિનારે હનુમાનજીની મૂર્તિ આસ્થાનું કેન્દ્ર બની છે. સ્થાનિકો ઉપરાંત હનુમાન જયંતિના ખાસ દિવસે છેક રાજસ્થાનથી શ્રદ્ધાળુઓ આવી નતમસ્તક થતા હોય છે. હનુમાનજીની મૂર્તિ મંદિરમાં સ્થાપિત નથી પરંતુ ખુલ્લામાં ઉભી હોવાના કારણે બહારથી આવનારા શ્રદ્ધાળુઓના મનમાં અનેક સવાલો ઉભા થતા હોય છે. આ સ્થળે હનુમાનજીની મૂર્તિની સાથે ભગવાન શંકરનું વાહન પોઠીયો તેમજ અન્ય મૂર્તિઓના અવશેષો તહસ નહસ હાલતમાં જોઈ શ્રદ્ધાળુઓ વસવસો વ્યક્ત કરી રહ્યા છે. આ સ્થળે વૈજનાથ મહાદેવ નામે ઓળખાતું શિવલીંગ પણ ખંડીત અવસ્થામાં જોવા મળી રહ્યું છે. નજીકમાં અન્ય અવશેષોની સાથે પ્રાચીન પાળીયા ઉપર શિલાલેખ લખેલો છે જેમાં સંવત-૧૩૪૮ સ્પષ્ટ રીતે વાંચી શકાય છે જેથી આ સ્થળ ૭૦૦ વર્ષ પુરાણું હોવાનું માનવામાં આવે છે. જો કે અન્ય શિલાલેખ સ્પષ્ટ રીતે વાંચી શકાતા ન હોવાની સાથે ખુલ્લામાં ઉભા હનુમાનજીની મૂર્તિ સહિતના વિસ્તારમાં પુરાતત્વ વિભાગ રસ લઈને સંશોધન કરે તો આ વિસ્તારમાં વણઉકલ્યો પ્રાચીન ઈતિહાસ લોકો સમક્ષ ઉજાગર થાય તેમ છે.

### ખેડુત એકતા મંચ દ્વારા ભિલોડાના વય નિવૃત્તી પામેલ શિક્ષકોના પડતર પ્રશ્નો ઉકેલવા રજૂઆત

ભિલોડા,તા.૩ ખેડુત એકતા મંચ ધ્વારા ભિલોડાના વય નિવૃત્તી પામેલા શિક્ષકોના પડતર પ્રશ્નોના નિકાલ બાબતે ભિલોડા મામલતદારને લેખિતમાં પત્ર પાઠવ્યો હતો. ભિલોડા તાલુકા ખેડુત એકતા મંચ પ્રમુખ રાહુલ એસ.ગામેતીએ જણાવ્યું કે તા.૧/૧/૨૦૧૭ થી આજ દિન સુધીમાં ભિલોડાના તમામ વય નિવૃત્તી પામેલા શિક્ષકોના પડતર પ્રશ્નો હલ કરવા સંદર્ભે મામલતદારને પત્ર પાઠવ્યો હતો. નિવૃત્ત શિક્ષકોના જુથ વિમા, રજા, રોકડ, જી.પી.એફ. તેમજ સાતમા પગાર પંચનો તફાવત વગેરેના નાણાં કેટલા શિક્ષકોના મંજુર થયેલ છે અને કેટલા શિક્ષકોના બાકી છે. જે - તે શિક્ષકોના બાકી રહી ગયેલા છે તે ક્યા કારણોસર બાકી રાખવામાં આવેલ છે.

# ઉત્તર ગુજરાતમાં સરકારી કૃષિ સહાય યોજનાનો લાભ લેવામાં ખેડૂતો નિરસ

## કૃષિ ઓજાર માટે ૫ જિલ્લામાં ૮૯ ખેડૂતોએ રસ દાખવ્યો, કિસાન પરીવહન યોજનામાં ૬૩૬ ખેડૂતોને રસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ ઉત્તર ગુજરાતમાં સરકારી સહાયથી કૃષિ ઓજારો ખરીદવા માટે ખેડૂતો નિરસ રહ્યા છે. ૫ જિલ્લામાં કિસાન પરિવહન યોજનાનો લાભ લેવા માટે ૪૦૬૮ ખેડૂતોનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે પરંતુ માંડ ૮૯ ખેડૂતોએ કૃષિ ઓજારો માટે રસ દાખવ્યો છે. ખરીફ સીઝનની ખેતીનો ધમધમાટ શરૂ થવાથી સામાન્ય રીતે કૃષિ ઓજારોની માંગ વધવી જોઈએ પરંતુ કોઈપણ કારણોસર ખેડૂતો સરકારી કૃષિ ઓજાર યોજનાથી દૂર રહ્યા છે. આ ઉપરાંત કિસાન પરીવહન યોજનામાં પણ ખેડૂતોને કોઈ રસ ન હોય તે રીતે ૧૦૨૭ ખેડૂત લક્ષ્યાંક સામે માત્ર ૬૩૬ ખેડૂતોએ અરજી કરી છે.


રાજ્યના ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને સીઝન ટાણે વિવિધ સહાયનો લાભ આપવાના પ્રયાસ થતા હોય છે પરંતુ કેટલીક યોજનાઓ ખેડૂતોને માફક આવતી ન હોવાથી તેનો મુખ્ય આશય સાર્થક થઈ શક્તો નથી જે ખુદ ખેતીવાડી વિભાગે સ્વીકારવું રહ્યું. સરકાર દ્વારા તા.૧૮-૫-૨૦૨૧થી કૃષિ લક્ષી ઓજારો આપવાની યોજના શરૂ કરવામાં આવી છે જેની છેલ્લી તા.૧૭ જુલાઈ સુધી હોવા છતાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ખેડૂતોએ સરકારી સહાયથી કૃષિ ઓજારો લેવામાં જાજો રસ દાખવ્યો ન હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. સરકારી સહાયથી આપવામાં આવતા કૃષિ ઓજારોની ગુણવત્તા હલકી કક્ષાની હોય તે રીતે ખેડૂતોએ સહાયથી મોં વકાસ્યું છે. સરકાર દ્વારા કૃષિલક્ષી યોજના અમલમાં તો મૂકવામાં આવી પરંતુ ખેડૂતોને તેમાં જરાય રસ ન હોય તેવું જણાઈ રહ્યું છે. ૫ જિલ્લામાં કૃષિ ઓજાર ખરીદવાના લક્ષ્યાંક સામે આંગળીના વેઢે ગણી શકાય તેટલા ખેડૂતોની સહાય માટે અરજીઓ થઈ છે. તે જ રીતે ખેતરમાં તૈયાર થતા પાકને રહેઠાણથી બજાર સુધી પહોંચાડવા માટે પણ કિસાન પરીવહન યોજના અમલમાં મૂકવામાં આવી છે. જેમાં તા.૯ જૂનથી ખેડૂતો પાસે અરજીઓ માંગવામાં આવી છે પરંતુ ૫ જિલ્લાના ખેડૂતોએ તેમાં પણ નિરૂત્સાહ બતાવ્યો છે. આ યોજનાના ૧૦૨૭ ખેડૂતોના લક્ષ્યાંક સામે માત્ર ૬૩૬ ખેડૂતોએ અરજી કર્યાનું જાણવા મળ્યું છે.

# ઈપલોડામાં વિજ કરંટથી મોરનું મોત, વિજ તારે ભોગ લીધો

## મોરનું રેસ્કુ કરાયું પણ આખરે મોત

મેઘરજ તાલુકાના ઈપલોડા ગામે વિજ તારમાં ફસાયેલા મોરને બચાવવા માટે સ્થાનિક રહીશોએ તત્પરતા દાખવી મોરને વિજ તારમાંથી મુક્ત કરાવ્યો તો ખરો પરંતુ ગણતરીની મીનીટમાં કરંટથી રાષ્ટ્રીય પક્ષીનું મોત નિપજતાં પક્ષી પ્રેમીઓમાં અરેરાટી વ્યાપી છે. મોરને બચાવવાના પ્રયાસો નિષ્ફળ જતાં વ્યથિત ગ્રામજનોએ પુરા સન્માન સાથે મોરના મૃતદેહને વન વિભાગને હવાલે કર્યાનું જાણવા મળ્યું છે.

ગ્રામ્ય વિસ્તારોમાં મોરની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયો છે. રાષ્ટ્રીય પક્ષી મોરની સુરક્ષા બાબતે પ્રજા ખુદ જાગૃત બની છે જેથી નિર્ભયી બની મોર માનવ વસતીમાં અવર જવર કરતા થયા છે પરંતુ વીજળીના તાર આકાશમાં ઉડવા સમયે મોર માટે પ્રાણઘાતક સાબિત થઈ રહ્યા છે. તાલુકાના ઈપલોડામાં માનવ વસતી નજીક ચણ ચરવા ટહેલતા મોરે ઓચિંતિ ઉડાણ ભરી પરંતુ નજીકમાંથી પસાર થતી વિજ લાઈનમાં મોર ફસાઈ ગયો હતો. એકાએક આ ઘટના બનતાં અન્ય રહીશો ત્યાં દોડી આવ્યા હતા અને મોરને બચાવવા માટે કેટલાક જીવદયા પ્રેમીઓએ પ્રયાસ શરૂ કર્યા. વિજતારમાં વીજળીનો પ્રવાહ વહેતો હોવાના કારણે એક તબક્કે બચાવ કાર્યમાં જીવનું જોખમ જણાતું હતું પરંતુ કેટલાક જીવદયા પ્રેમીઓએ રાષ્ટ્રીય પક્ષીને બચાવવા માટે પ્રયાસ કર્યા જેમાં ખાસ્સી જહેમત પછી વીજળીના તારમાંથી ફસાયેલા મોરને મુક્ત કરાવી કુદરતી વાતાવરણમાં છોડી મૂકવામાં આવ્યો પરંતુ ગણતરીની મીનીટમાં વિજ કરંટનો ભોગ બનેલ મોરનું મોત નિપજતાં જીવદયા પ્રેમીઓએ આઘાત અનુભવ્યો છે.



# પરણિતાઓ ગુમ થવાનો સિલ સિલો : બાયડ તાલુકાની બે પરણિત મહિલાઓ ગુમ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ બાયડ તાલુકામાં ગુમ થવાના બનાવોનો સિલસિલો યથાવત રહ્યો છે. પરણિતાઓ ગુમ થવાના બનાવમાં બોરડી(ગૌમહુડી) ગામના રણજીતસિંહ કાળુસિંહ સોલંકી તેમજ ઈન્દ્રાણ (દાદાનામુવાડા) ગામના વિક્રમસિંહ સોમસિંહ ચૌહાણના પત્નિ ગુમ થઈ જતાં બંન્ને બનાવ અંગે સાઠંબા પોલીસે જાણવા જોગ નોંધ લીધી છે. ગુમ થનાર પરણિતાઓ પતિને કંઈપણ કહ્યા વિના ગાયબ થતાં પત્નિઓને શોધવા માટે પતિદેવોએ પોલીસનું શરણું લીધું છે.

ચોમાસાની સીઝનમાં અપહરણ અને ગુમ થવાની સીઝન જામી છે. મહિલાઓ-યુવતીઓ ગુમ થવાના બનાવોમાં પરણિત મહિલાઓ રહસ્યમય રીતે ગુમ થઈ રહી છે. છેલ્લા કેટલાક દિવસથી બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પરણિતાઓના ગુમ થવા અંગે અનેક તર્કવિતર્ક શરૂ થયા છે. તાલુકાના બોરડી ગામના સોલંકી પરિવારની પરણિત મહિલા મનિષાબેન તા.૧ ના રોજ ઘરેથી ગુમ થઈ ગયાં છે. પતિ રણજીતસિંહ સોલંકી અને અન્ય પરિવારજનોએ પરણિતાની શોધ કરી હોવા છતાં કોઈ પત્તો મળ્યો નથી જેથી પતિએ સાઠંબા પોલીસને ગુમ થવા અંગે જાણ કરી છે. બીજા બનાવમાં તાલુકાના ઈન્દ્રાણ ગામે વિક્રમસિંહ સોમસિંહ ચૌહાણનાં પત્નિ સંગીતાબેન પિયર જવાનું કહી ગુમ થઈ જતાં ચૌહાણ પરિવાર ચિંતામાં સરી પડ્યો છે. બનાવ અંગે ગુમ થનાર મહિલાના પતિની ફરિયાદના આધારે સાઠંબા પોલીસે જાણવા જોગ નોંધ લઈ ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

### અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે શિક્ષણમંત્રીના હસ્તે વિકાસના કાર્યોનું ભૂમિપૂજન-લોકાપર્ણ કરાશે

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા વિકાસના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાપર્ણ કરશે

આજે તા. ૪ જુલાઇ ૨૦૨૧ રવિવારના સવારે ૯.૩૦ કલાકે અરવલ્લી જીલ્લા મોડાસા ખાતે તૈયાર થનાર શિક્ષણ અને તાલીમ ભવનનું ભૂમિપૂજન કરશે. ત્યારબાદ ૧૦ કલાકે માલપુર (દેવીપૂજક વાસ) ખાતે સુશ્રી રેખાબેન દેવીપૂજકને નિવાસસ્થાને મુલાકાત લઈ સહાયનો ચેક અર્પણ કરશે. બાદમાં મોડાસા તાલુકાના કઉ ખાતે રૂ. ૩૪૨ લાખના ખર્ચે નવનિર્મિત સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનું લોકાર્પણ કરશે, જયારે ૧૨.૧૫ કલાકે ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામની પ્રાથમિક શાળાની મુલાકાત લેશે. આ કાર્યક્રમમાં અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણ, સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર તથા જીલ્લા કલેકટર નરેન્દ્રકુમાર મીના અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

# પ્રાંતિજ આંગણવાડી કેન્દ્રોમાં ગણવેશ અને માસ્કનુ વિતરણ કરાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામા આવેલ તમામે-તમામ આંગણવાડીઓમા આઈ.સી.ડી.એસ મહિલા અને બાળવિકાસ વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા ગણવેશ નુ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો જેમા રેલવેસ્ટેશન નાળિયા વિસ્તારમા આવેલ આંગણવાડીના ભૂલકાઓને માસ્ક તથા બે જોડ ગણવેશ આપવામા આવ્યો હતો.



પ્રાંતિજ સહિત તાલુકામા આવેલ આંગણવાડીઓમા ગણવેશ તથા માસ્ક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમા પ્રાંતિજ રેલવેસ્ટેશન વિસ્તારમા આવેલ નાળિયા વિસ્તારમા આવેલ આંગણવાડી કેન્દ્ર ખાતે આંગણવાડી કેન્દ્ર મા આવતા ૩થી ૬ વર્ષ ના બાળકો ને આઈ.સી.ડી.એસ મહિલા અને બાળવિકાસ વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા આંગણવાડીના ભૂલકાઓને બે જોડી ગણવેશ તથા માસ્કનુ વિતરણ કરવામા આવ્યુ હતુ. જેમા સી.ડી.પી.ઓ, મુખ્ય સેવિકા, બ્લોક કો.ઓડિનેટર તથા આંગણવાડી કાર્યકર, તેડાગર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડૂતની ચિંતા વધારતું ચિત્ર : જૂન મહિનામાં અરવલ્લીમાં માત્ર ૭ ટકા વરસાદ, પાટણમાં સૌથી વધુ ૧૯ ટકા

## ભરચોમાસે ઉનાળા જેવી આકરી ગરમી, ધોમધખતો તાપ, કોરોનામાં પાયમાલ થયેલા ખેડૂતો ઉપર કુદરત મહેર કરે તેવી પ્રાર્થના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ સડસડાટ જૂન મહિનો પૂરો થઈ ગયો, તાઉતે વાવાઝોડાની અસર અને ત્યાર પછી નિયમિત ચોમાસાના ભાગરૂપે ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં સાંબેલાધારે તો ક્યાંક ઝરમરીયો વરસાદ વરસ્યો. ઉત્તર ગુજરાતમાં સરેરાશ ૧૩ ટકા વરસાદ વરસ્યો છે પરંતુ અરવલ્લીમાં માત્ર ૭ ટકા વરસાદ નોંધાયો જેની સરખામણીએ પાટણ જિલ્લામાં ૧૯ ટકા, મહેસાણા ૧૪ ટકા વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨ દિવસથી સવારે કાળાં વાદળો દેખાય છે પરંતુ બપોરે આકાશ સ્વચ્છ બનવાની સાથે ઉનાળા જેવી આકરી ગરમી અને ધોમધખતા તાપના કારણે વાવણી કરેલ બિયારણ નિષ્ફળ જવાનો ભય ઉભો થયો છે. આગામી ૨-૩ દિવસમાં ભારે વરસાદ ન વરસે તો વાવણી કરનારા ખેડૂતો પાયમાલ બની શકે છે.

દર વર્ષે ચોમાસુ રાહ જોવડાવીને આવે છે અને વાવણી થયા પછી વરસાદ વિલંબમાં પડતાં ખેડૂતોના માંઘા બિયારણો નિષ્ફળ જવાનો ભય સતાવતો હોય છે. છેલ્લા ઘણા વર્ષોથી આવી સ્થિતિ જોવા મળે છે પરંતુ આવી વિપરીત સ્થિતિમાં સિંચાઈનો લાભ ધરાવતા ખેડૂતો સિંચાઈનાં પાણી મૂકી મૂંરઝાતી ખેતીને બચાવી લે છે પરંતુ જે ખેડૂતો માત્ર આકાશી ખેતી ઉપર નભે છે તેમની સ્થિતિ વધુ ચિંતાજનક હોય છે. ઉત્તર ગુજરાતના સાંતલપુર થી સાઠંબા સુધીના વિસ્તારમાં ક્યાંક ઝરમરીયો તો ક્યાંક મૂશળધાર વરસાદ વરસ્યો, અનેક ખેતરો બેટમાં ફેરવાયા તો કેટલાય વિસ્તાર કોરા ધાક્કોર જેવા રહ્યા અને વાવણી કાર્ય આરંભી દેવામાં આવ્યું, હવામાન વિભાગે પણ ૨ થી ૩ વખત નિવેદનો બદલ્યા, અત્યારે સ્થિતિ એ છે કે ઉત્તર ગુજરાતની લાખો હેક્ટર જમીનમાં વાવેતર થયું છે. વરસાદના વિલંબના કારણે હવે ખેડૂતો ઉપર સંકટ મંડરાયું છે. પરંતુ પાછલા વર્ષોના આંકડા જોઈએ તો આ વર્ષે જૂન મહિનામાં એકંદરે સારો વરસાદ કહી શકાય પરંતુ ખેડૂતો જે રીતે ઉતાવળા બની વાવેતર કર્યું તેના કારણે આ સ્થિતિ નિર્માણ પામી છે તેવું કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

### જુલાઈ મહિનામાં ચોમાસુ સામાન્ય હવામાન વિભાગ

ઉત્તર ગુજરાતમાં જૂન મહિનામાં સરેરાશ ૧૩ ટકા વરસાદ છતાં વાવણી કરનારા ખેડૂતો ચિંતિત છે. વરસાદ ખેંચાયો છે. જુલાઈ મહિનામાં ચોમાસુ સામાન્ય રહેશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. જુલાઈના પ્રથમ સપ્તાહમાં વરસાદની કોઈ જાજી સંભાવના નથી પરંતુ બીજા સપ્તાહમાં વરસાદની સંભાવના હોવાનું જણાવ્યું છે.

### ઉત્તર ગુજરાતમાં વરસાદની ટકાવારી

(તા.૧ જુલાઈ-૨૦૨૧ની સ્થિતિ)

| જિલ્લો | વરસાદની ટકાવારી |
|---|---|
| પાટણ | ૧૯.૦૧ |
| બનાસકાંઠા | ૧૩.૬૮ |
| મહેસાણા | ૧૪.૪૦ |
| સાબરકાંઠા | ૧૧.૧૦ |
| અરવલ્લી | ૭.૪૨ |

### જાહેર નોટીસ

બાયડના મે. એડીશનલ જ્યુડી. મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.બાયડ
અરજદારના વિ.વ. શ્રી કે. એસ. રાવળ
ક્રિ.પ.અરજી નં.૩૦/૨૦૨૧
અરજદાર : બાબુભાઈ જીવાભાઈ વાઘરી, રહે.સુલતાનપુર(જુનવાડા), તા.બાયડ, જિ. અરવલ્લી.
વિરૂદ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી / જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી, સુલતાનપુર(જુનવાડા), તા.બાયડ, જિ. અરવલ્લી.
બાબત : જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩) મુજબ અરજ.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદાર બાબુભાઈ જીવાભાઈ વાઘરી નાએ તેમના માતા સ્વ.કાશીબેનનું મરણ તા.૦૧-૦૫-૧૯૯૪ના રોજ તેમના ઘરે સુલતાનપુર મુકામે થયેલ હોઈ, તે અંગેની મરણની નોંધ કરાવવા માટે અને દાખલો મેળવવા માટે અરજી કરેલ છે. આથી આ બાબતે જે કોઈ ઈસમને વાંધો, હરકત કે હેલો હોય તેઓએ મુદત તા.૦૩-૦૮-૨૦૨૧ના રોજ અગર તે પહેલા અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ-૦૩ મી માહે જુલાઈ, સને.૨૦૨૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|
| (પ્રવિણ વાઘેલા) | (કે. એન. પરમાર) | (સી.બી. દવે) |
| આસીસ્ટન્ટ | સુપ્રિન્ટેન્ડેન્ટ | રજીસ્ટ્રાર |

કોર્ટનો સિક્કો

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ, બાયડ